દસ્તાવેજનો પ્રકાર : વેચાણ
ગામ : માંકણા
બ્લોક નં : ૧૫૪/અ
પ્લોટ નં :
ક્ષે : ............ચો.મી.



દ.રજી નં:
તારીખ :

# વેચાણ દસ્તાવેજ

**અવેજ રૂા. ............./- પુરાનો...**

**મીલકતની વિગત**

ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ કામરેજ નાં મોજે ગામ : **માંકણા** ના બ્લોક **નંબર : ૧૫૪/અ** જેનુ કુલ્લે ક્ષેત્રફળ : **હે. ૨-૧૬ આરે ૫૧ ચો.મી.** યાને ૨૧૬૫૧ ચો.મીટર વાળી રહેણાંક બિનખેતીની જમીન માં આયોજન કરવામાં આવેલ '' **શિવ ધારેશ્વર રેસીડેન્સી** '' નાં નામથી ઓળખાતી જમીનમાં પાડવામાં આવેલા રહેણાંકના હેતુ માટેના પ્લોટો પૈકી **પ્લોટ નંબર : .....** વાળી ખુલ્લી જમીન.

**વેચાણ આપનાર**

**ભકતી બિલ્ડકોર્પ ભાગીદારી પેઢીના વહીવટ કર્તા ભાગીદાર**

**શ્રી હરેશભાઇ અરજણભાઇ ગોંડલીયા,**

**વેચાણ લેનાર**

**.........................................,**

**એડવોકેટ**

**એન. બી. સરધારા**

બી.કોમ., એલ.એલ.બી.

**ઓફીસ : ૨૧૭, રાજહંસ શોપીંગ,** બીજો માળ, અનુરાધા સોસાયટી નાકા પર **બરોડા પ્રીસ્ટેઝ,** વરાછા રોડ, સુરત.

મો. ૯૪૨૬૮ ૩૬૩૭૭

દસ્તાવેજનો પ્રકાર : વેચાણ
ગામ : માંકણા
બ્લોક નં : ૧૫૪/અ
પ્લોટ નં :
ક્ષે : ............ચો.મી.



## વેચાણ અવેજ રૂા. ............./- પુરાનો....

વિક્રમ સંવત : ............ ના મહા વદ ......... ને, વાર : ..........., તારીખ : ........મી, માહે : ..........., સને ........... ના અંગ્રેજી દિને...

**આ વેચાણ દસ્તાવેજનો લેખ લખાવી લેનાર યાને ખરીદનાર તે તમો પહેલા પક્ષનાઃ-**

**નામ :-.............................................**

ઉ.આ.વ. : ......., ધંધો : ..........., જાતે : ..........,

રહેવાસી : ...........................................

(જેઓને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજનાં લેખમાં પહેલા પક્ષના અગર તમો તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓનાં સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધભાસ ન હોય ત્યાં પહેલા પક્ષના પોતે તથા તેઓના વંશ-વાલી વારસો, ટ્રાન્સફરી, એસાઇની, એકઝીકયુટર્સ, સકસેસર્સ, ઇત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છે.)

**જોગ લિ...**

**આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપનાર યાને વેચનાર તે અમો બીજા પક્ષનાં:-**

**ભકતી બિલ્ડકોર્પ ભાગીદારી પેઢીના વહીવટ કર્તા ભાગીદાર, PAN NO : AANFB 1439 K**

મુ.પો.૧૫૩, વૈકુંઠધામ સોસા.લક્ષ્મીકાંત આશ્રમ રોડ, કતારગામ, સુરત.

**શ્રી હરેશભાઇ અરજણભાઇ ગોંડલીયા,**

ઉ.આ.વ. ૩૦, ધંધો : વેપાર, જાતે : હિંદુ,

રહેવાસી : ઇ/૫૦૧, શ્રધ્ધા રેસીડેન્સી, ગજેરા ફાર્મની પાછળ, કતારગામ, સુરત.

(જેઓને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજનાં લેખમાં બીજા પક્ષના અગર અમો તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓનાં સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધભાસ ન હોય ત્યાં બીજા પક્ષના પોતે તથા તેઓના વંશ-વાલી વારસો, ટ્રાન્સફરી, એસાઇની, એકઝીકયુટર્સ, સકસેસર્સ ઇત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છે.)

દસ્તાવેજનો પ્રકાર : વેચાણ
ગામ : માંકણા
બ્લોક નં : ૧૫૪/અ
પ્લોટ નં :
ક્ષે : ............ચો.મી.



જત આજરોજ અમો બીજાપક્ષનાં તમો પહેલા પક્ષનાને આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપી જણાવીએ છીએ કે :-

**સુરત** જીલ્લાના **કામરેજ,** તાલુકાના મોજે ગામ : **માંકણા** ના **બ્લોક નંબર : ૧૫૪/અ,** થી નોંધાયેલ **હે. ૨-૧૬ આરે ૫૧ ચો.મી.** યાને ૨૧૬૫૧ ચો.મી. બિનખેતીની જમીનમાં આયોજન કરવામાં આવેલ **'' શિવ ધારેશ્વર રેસીડેન્સી ''** નાં નામથી ઓળખાતી જમીનમાં પાડવામાં આવેલ રહેણાંકના હેતુ માટેના નીચે શિડયુલ માં જણાવેલ પ્લોટ વાળી માર્જીન સહીતની ખુલ્લી જમીન (જેને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં સદરહુ મીલકત એવી રીતે સંબોધવામાં આવેલ છે. જેનું વિગતે વર્ણન આ નીચે શીડયુલમાં આપવામાં આવેલ છે.) સદરહુ મીલકત અમો બીજાપક્ષનાની સંપૂણ અને સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળની ચાલી આવેલી છે. સદરહું મીલકત અંગે અમો બીજાપક્ષનાને વ્યવસ્થા, સંચાલન, નિકાલ વિગેરે કરવા-કરાવવાનો હકક અને અધિકાર છે તે હકક અને અધીકારની રૂએ સદરહુ મીલકત હમો બિજાપક્ષના તમો પહેલા પક્ષનાને વેચાણ આપીએ છીએ. સદરહુ તમોને વેચાણ આપેલ મીલકત અંગેના ટાઇટલની હકીકત એવી છે કે...

**સુરત** જીલ્લાના **કામરેજ,** તાલુકાના મોજે ગામ : **માંકણા** ના **બ્લોક નંબર : ૧૫૪/અ,** વાળી જમીન જેનો સર્વે નંબર : ૧૪૯, ૧૫૦ વાળી જમીન છગનભાઇ ત્રીકમભાઇ તથા ઠાકોરભાઇ ત્રીકમભાઇ ના નામે ચાલતી જમીનની વહેંચણ કરતા મજકુર સર્વે નંબર : ૧૪૯, તથા ૧૫૦ વાળી જમીન છગનભાઇ ત્રીકમભાઇ ના હિસ્સે આવેલ. જે અંગેના ફેરફારની નોંધ રેવન્યુ દફતરે હકક પત્રક ગામનો નમુનો નંબર -૬ માં નોંધ નંબર : ૬૧ થી તાઃ ૦૪-૪-૧૯૫૪ ના રોજ થયેલ છે. અને પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ મજકુર ગામે એકત્રીકરણ યોજના અમલમાં આવતા સેન્ટલમેન્ટ કમિશનરે એકત્રીકરણ કાયદા હેઠળ તેમને મળેલા અધિકારની રૂએ મજકુર સર્વે નં : ૧૪૯, ૧૫૦ ને નવો બ્લોક નંબર : ૧૫૪ આપવામાં આવેલ છે. જે અંગેના ફેરફારની

નોંધ રેવન્યુ દફતરે હકક પત્રક ગામનો નમુનો નંબર -૬ માં નોંધ નંબર : ૫૩૯ થી તાઃ ૨૧-૫-૧૯૭૩ ના રોજ થયેલ છે. અને પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ (૧) છગનભાઇ ત્રીકમભાઇ (૨) વિનોદભાઇ છગનભાઇ (૩) કૃષ્ણકુમાર છગનભાઇ ના સંયુકત નામે ચાલતી જમીનોની વહેંચણ કરતા મજકુર બ્લોક નંબર વાળી જમીન પૈકી ૨ એકર ને ૨૦ ગુંઠા જમીન કૃષ્ણકુમાર છગનભાઇ હિસ્સે તથા હમો બીજાપક્ષના નંબર : (૧) વિનોદભાઇ છગનભાઇ ના હિસ્સે ૫ એકર ને ૧૪ ગુંઠા આવેલ. જે અંગેના ફેરફારની નોંધ રેવન્યુ દફતરે હકક પત્રક ગામનો નમુનો નંબર -૬ માં નોંધ નંબર : ૧૯૮૦ થી તાઃ ૦૮-૦૧-૨૦૦૧ ના રોજ થયેલ છે. અને પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ વિનોદભાઇ છગનભાઇ, ના નામે ચાલતી જમીન માં ચંદ્રિકાબેન વિનોદભાઇ, તથા પિન્કેશભાઇ વિનોદભાઇ, નો હકક-હીસ્સો હોવાથી તેઓના નામ સામાયીકપણામાં દાખલ થયેલ જે અંગેના ફેરફારની નોંધ રેવન્યુ દફતરે હકક પત્રક ગામનો નમુનો નંબર -૬ માં નોંધ નંબર : ૨૦૬૭ થી તાઃ ૧૧-૧૧-૨૦૦૨ ના રોજ થયેલ છે. અને પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ કૃષ્ણકુમાર છગનભાઇ, ના હિસ્સે ચાલતી જમીન માં તેમના પત્ની નીલાબેન કૃષ્ણકુમાર તથા ભાવેશભાઇ કૃષ્ણકુમાર નો હીસ્સો હોવાથી તેઓના નામ સામાયીકપણામાં દાખલ થયેલ જે અંગેના ફેરફારની નોંધ રેવન્યુ દફતરે હકક પત્રક ગામનો નમુનો નંબર -૬ માં નોંધ નંબર : ૨૦૬૮ થી તાઃ ૧૧-૧૧-૨૦૦૨ ના રોજ થયેલ છે. અને પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ જિલ્લા ઇન્સપેકટરશ્રી જમીન રેકર્ડસ સુરતના હુંકમ નં. ક્રમાંક : કે.જે.પી/એસ.આર./૧૯૨/૧૩-૧૪ તાઃ ૦૬/૧૨/૨૦૧૩ થી પુરવણી પત્રક નં.૧૧ નો અમલ પ્રમાણે ક્ષેત્રફળ : ૨-૧૬-૫૧ ચો.મી. વાળી જમીનને બ્લોક નંબર : ૧૫૪/અ આપેલ છે. જે (૧) વિનોદભાઇ છગનભાઇ, (૨) ચંદ્રિકાબેન વિનોદભાઇ, (૩)

પિન્કેશભાઇ વિનોદભાઇ, ના હિસ્સે આવેલ છે. તથા ક્ષેત્રફળ : ૦-૯૭-૪૩ ચો.મી. વાળી જમીનને બ્લોકનંબર : ૧૫૪/બ આપવામાં આવેલ છે. જે (૧) કૃષ્ણકુમાર છગનભાઇ, (૨) નીલાબેન કૃષ્ણકુમાર (૩) ભાવેશભાઇ કૃષ્ણકુમાર ના હિસ્સે આવેલ છે. જે અંગેના ફેરફારની નોંધ રેવન્યુ દફતરે હકક પત્રક ગામનો નમુનો નંબર : ૬ મા નોંધ નંબર : ૨૯૯૩ થી તાઃ ૦૩/૦૧/૨૦૧૪ ના રોજ થયેલ છે. અને પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ જમીન માલીકોએ સદરહુ જમીન ઉપર રહેણાંકના હેતુસર બાંધકામ કરવા માટે નગર નીયોજક સુરત ના પત્ર નં.: બી. પી. માંકણા/કામરેજ/સુરત/ ૨૦૮૬, તા : ૧૭-૮-૨૦૧૩ થી પ્લાન મંજુર કરવામાં આવેલ છે. તેમજ સદરહું જમીન અંગે મહે. જીલ્લા વિકાસ અધીકારીશ્રી, જીલ્લા પંચાયત સુરત ને સદરહું જમીનને રહેણાંકના હેતુ માટે બિનખેતીની કરવા માટે અરજી કરતા તેમના હુકમનં.: ૪/ડી.પી એન.એ./રજી.નં. ૧૯૯/૧૪ જીલ્લા પંચાયત સુરત તા : ૧૯-૩-૨૦૧૪ થી સદરહું જમીનને રહેણાંકનાં હેતુ માટે બિનખેતીની પરવાનગી આપવામાં આવેલ છે. જે અંગેના ફેરફારની નોંધ રેવન્યુ દફતરે હકક પત્રક ગામનો નમુનો નંબર : ૬ મા નોંધ નંબર : ૩૦૩૨ થી તારીખ : ૨૭/૫/૨૦૧૪ ના રોજ થયેલ છે.

ત્યારબાદ (૧) વિનોદભાઇ છગનભાઇ, (૨) ચંદ્રિકાબેન વિનોદભાઇ, (૩) પિન્કેશભાઇ વિનોદભાઇ, ના સંયુકત નામે ચાલતી રહેણાંક બિનખેતી ની જમીન તેઓ પાસેથી હમો વેચાણ આપનાર યાને બિજાપક્ષના ભકતી બિલ્ડકોર્પ ભાગીદારી પેઢીના વહીવટ કર્તા ભાગીદાર : હરેશભાઇ અરજણભાઇ ગોંડલીયા, એ રજી.વેચાણ દસ્તાવેજ નં. ૧૬૪૬૭ તાઃ ૨૬/૧૨/૨૦૧૪ થી ખરીદ કરેલ છે. જે અંગેના ફેરફારની નોંધ રેવન્યુ દફતરે હકક પત્રક ગામનો નમુનો નંબર : ૬ મા નોંધ નંબર : ૩૧૦૧ થી તાઃ ૦૩/૦૧/૨૦૧૫ ના રોજ થયેલ છે. અને પ્રમાણીત થયેલ છે. એ રીતે અને ત્યારથી અમો બિજાપક્ષના માલીક મુખત્યાર અને કબજેદાર થયેલા છીએ અને ચાલી આવેલા છીએ.

દસ્તાવેજનો પ્રકાર : વેચાણ
ગામ : માંકણા
બ્લોક નં : ૧૫૪/અ
પ્લોટ નં :
ક્ષે : ............ચો.મી.



આમ ત્યારથી હમો બીજાપક્ષના યાને વેચાણ આપનાર સદરહુ તમો પહેલાપક્ષના ને વેચાણ આપેલ નીચે શીડયુલમાં વર્ણવેલ ખુલ્લો પ્લોટ જે જમીન પર આવેલ છે. તે જમીનમાં સ્વતંત્ર માલીક, મુખત્યાર, ધણી અને પ્રત્યક્ષ કબજેદાર તરીકે ચાલી આવેલા છીએ તે હકક અને અધીકારની રૂએ અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાનાં કિમતી અવેજ બદલ આ નીચે શીડયુલમાં વર્ણવેલ ખુલ્લો પ્લોટ વેચાણ આપેલ છે. જેનો આજરોજ આ તમો ખરીદનારની તરફેણમાં વેચાણ દસ્તાવેજનો લેખ કરી આપેલ છે.

સદરહુ જમીનમાં મંજુર થયેલા પ્લાન મુજબ રહેણાંકનાં હેતુમાટેનાં પ્લોટોનું આયોજન કરેલ છે જેને '' **શિવ ધારેશ્વર રેસીડેન્સી** '' નાં નામથી ઓળખવામા આવેલ છે. અને મજકુર જમીન માં આવેલા પ્લોટો પૈકી નીચે શીડયુલમાં વર્ણવેલ ખુલ્લા પ્લોટની જમીન તમો પહેલા પક્ષના યાને ખરીદનારે વેચાણથી લેવા માટેનું નકકી કરેલ. આપણે પક્ષકારો વચ્ચે નકકી થયેલ વેચાણ અવેજ અમો બીજાપક્ષનાને તમો પહેલા પક્ષનાએ ચુકવી આપેલ છે. જેથી સદરહુ નીચે શીડયુલમાં વર્ણવેલ પ્લોટનો વેચાણ દસ્તાવેજનો લેખ આજરોજ તમો પહેલા પક્ષનાં યાને ખરીદનારની તરફેણમાં કરી આપીએ છીએ સહી.

સદરહુ મીલકત અંગે અમો બીજાપક્ષનનાને વ્યવસ્થા, સંચાલન, નિકાલ વિગેરે કરવા-કરાવવાનો હકક અને અધીકાર છે તે હકક અને અધીકારની રૂએ સદરહુ જમીન તમો પહેલા પક્ષનાને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જે વેચાણ અવેજ તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષનાને નિચે મુજબ ચુકવી આપેલ છે.

| રકમ રૂા. | તારીખ | ચેક નંબર | બેંક નું નામ |
|---|---|---|---|
| ........../- | ..../...../...... | .......... | ---------- |
| ........../- | ..../...../...... | .......... | ---------- |
| ........../- | ..../...../...... | .......... | ---------- |
| ........../- | **અંકે રૂપીયા ..................... પુરા.** | | |

જે ઉપરોકત વેચાણ અવેજની પુરેપુરી રકમ તમો પહેલાપક્ષનાએ ભકતી બિલ્ડકોર્પ ભાગીદારી પેઢી ને મળી ગયા બદલની આ થકી પાકી પહોંચ સ્વીકારીએ છીએ. ભવિષ્યમાં સદરહુ મીલકતનો વેચાણ અવેજ ન મળ્યો કે ઓછો મળ્યા બાબતની કોઇપણ જાતની તર-તકરાર હમો બીજાપક્ષના કે હમારા વંશ-વાલી વારસોએ કરવા-કરાવવાની રહેતી નથી/ રહેશે નહી. અને જો કરવા-કરાવવામાં આવે તો આ લેખની રૂએ રદબાતલ થાય સહી.

સદરહુ મીલકતની વેચાણ અવેજની પુરેપુરી રકમ તમો પહેલાપક્ષનાએ હમો બીજાપક્ષનાને ચુકવી આપેલ હોય, સદરહુ મીલકત કે જે આ વેચાણ દસ્તાવેજમાં નીચે પરિશિષ્ટમાં વિગત અને વર્ણનથી દર્શાવેલ છે, તે મીલકત અમો બીજાપક્ષનાએ હરહમેંશ તથા કાયમને માટે માલીકી હકકે વેચાણથી આપી તમો પહેલાપક્ષનાના કબજામાં સુપ્રત કરી દીધી છે, સદરહુ તમોને વેચાણ આપેલ મીલકતનાં અમો બીજાપક્ષનાએ માલીકી હકકે સંપૂણ અને શાંતીભર્યો કબજો હરહમેંશ તથા કાયમ માટે તેના નીચે પાતાળ થી ઉપર આકાશ સુધીનાં તમામ હકકો સાથે તમો ખરીદનારને આજરોજ સુપ્રત કરી દીધો છે અને તે રીતે સદરહુ તમોને વેચાણ આપેલ મીલકતનાં હમો બીજાપક્ષના આજદિન સુધી જયાં અને જેટલા માલીક, મુખત્યાર અને કબજેદાર હતા તેવા અને તેટલા જ માલીક, મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર તમો પહેલાપક્ષના થયા છો સહી.

સદરહુ તમોને વેચાણ આપેલ મીલકત હમો બીજાપક્ષના એ અન્ય કોઇને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઇ રીતે તબદીલ કરી-કરાવી આપેલ નથી. સદરહુ મીલકત ઉપર કોઇપણ વ્યકિતનો ખાધા-ખોરાકીનો હકક, અધીકાર કે દરદાવો નથી. સદરહુ મીલકત ઉપર કોઇપણ અદાલતી ટાંચ કે જપ્તીમાં નથી અને તે અંગેની કોઇ પણ કાર્યવાહી હાલ ચાલુ નથી. સદરહુ મીલકત કોઇપણ પ્રકારનાં સંપાદન હેઠળ નથી તેમજ તે અંગેની કોઇ નોટીસ પણ આજદિન સુધી મળેલ નથી. સદરહુ મીલકત અમોએ ગીરો મુકેલ નથી તેમજ અન્ય કોઇપણ પ્રકારે તેના ઉપર નાણાકીય બોજો ઉત્પન્ન કરેલ નથી તેમજ તે

અંગેના કોઇ લેખ પણ કરેલા નથી સદરહુ મીલકતને લગતા અમોએ કોઇ વીલ યાને વસીયતનામું કરેલ નથી. અને તે રીતે પણ સદરહુ મીલકતના કોઇ હકક કે અધીકાર કોઇને ટ્રાન્સફર થતા નથી કે થયેલા નથી. સદરહુ મીલકત કોઇપણ પ્રકારની એકવીઝીશન કે રીઝર્વેશનમાં કોઇપણ સરકારી કે અર્ધ-સરકારી સંસ્થા દ્વારા લેવામાં આવેલ નથી અને તે અંગેની કોઇ કાર્યવાહી આજદિન સુધી મળેલ નથી તેમજ સદરહુ મીલકત તદન નબોજી, નકરજી, નજોખમી, ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલવાળી છે. આમ સદરહુ મીલકતમાં અમો બીજાપક્ષના સીવાય કોઇનો પણ કોઇપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો કે અધીકાર રહેલો નથી. તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આજરોજ અમો બીજાપક્ષના તમો પહેલા પક્ષનાને આ વેચાણ દસ્તાવેજની રૂએ આપીએ છીએ સહી. આમ સદરહુ મીલકતમાં અમો વેચાણ આપનાર સિવાય કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હીસ્સો કે અધીકાર રહેલો નથી સહી.

સદરહુ મીલકત ના વેચાણ અવેજની પુરેપુરી રકમ તમો પહેલાપક્ષનાએ આ વેચાણ દસ્તાવેજના અમો બીજાપક્ષનાને ચુકવી આપેલ હોય આ વેચાણ દસ્તાવેજ ના હમો બીજાપક્ષનાએ સદરહુ મીલકતનો કાયદેસર નો કબજો તમારા કાયદેસરના માલીકીપણામાં સૂપ્રત કરી દીધો છે. સદરહુ તમોને વેચાણ આપેલ મીલકતનાં આજદિન સૂધીનાં તમામ સરકારી, અર્ધ-સરકારી વેરા કે ટેક્ષ, શિક્ષણ ઉપકર, મહેસુલ હમો બીજા પક્ષનાએ ભરપાઇ કરેલ છે. અને હવે પછીથી આવતા આવા તમામ પ્રકારના વેરા, ટેક્ષ, મહેસુલ, ટી.પી.બેટરમેન્ટ ચાર્જીસ, વિગેરેની રકમ હવે પછીથી ભરપાઇ કરવાની જવાબદારી તમો પહેલાપક્ષના યાને ખરીદનારની માલીકી હકકે ભરપાઇ કરવાની રહેશે સહી.

સદરહુ મીલકત હાલ અમો વેચાણ આપનારના નામે ગ્રામ પંચાયતના દફતરે તથા રેવન્યુ રેકર્ડ પર તથા અન્ય સરકારી રેર્કડમાં, અમો બીજાપક્ષના યાને વેચાણ આપનારના નામે ચાલે છે, જે નામ આજરોજથી કમી કરી-કરાવી તમો પહેલા પક્ષનાએ

તમારૂ નામ સદરહુ મીલકતના માલીક, મુખત્યાર અને કબજેદાર તરીકે દાખલ કરી-કરાવી લેવાનુ રહેશે સહી. તેમજ તેવી વીધીમાં અમો વેચાણ આપનારની જયાં જયાં સહી, સંમતી, હાજરી, કબુલાત વિગેરેની જરૂર જણાય ત્યાં ત્યાં અમોએ સહી, સંમતી, હાજરી, કબુલાત વિગેરે વિના વિલંબે, વિના તકરારે આપવાની જવાબદારી રહેશે. અગર આ વેચાણ દસ્તાવેજ ની રૂએ પણ અમો વેચાણ આપનારની કબુલાત માની લઇ તમો સદરહુ મીલકતમાં તમારૂ નામ દાખલ કરી-કરાવી શકો સહી.

સદરહુ જમીનમાં મંજુર થયેલા પ્લાન મુજબ રહેણાંકના હેતુ માટે તથા સોસાયટી ના નિતી નિયમ મુજબ બાંધકામ કરવા-કરવાનું રહેશે. સદરહુ તમોને વેચાણ આપેલ નિચે શિડયુલ માં વર્ણવેલ જમીનમાં મંજુર થયેલ પ્લાન કરતા વધારાનું બાંધકામ કરવામાં આવે તો ઉપસ્થિત થતી તમામ કાયદાકીય જવાબદારી તમો ખરીદનાર યાને તમો પ્લોટ હોલ્ડરના શીરે રહેશે. ગેર કાયદેસર બાંધકામ અંગે મુળ જમીન માલીક, ઓર્ગેનાઇઝર, એન્જીનીયર કે ડેવલોપર્સની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહી સહી.

મજકુર મીલકત તમો પહેલાપક્ષનાએ તમામ ટાઇટલ જેવા કે ૭/૧૨, મંજુર પ્લાનની કોપી, એન.એ.ની નકલ, રજા ચિઠ્ઠી ની નકલ ની ચકાસણી કરીને ખાતરી કરી તપાસીને જોઇ વિચારીને તમો ખરીદનારની જવાબદારીએ ખરીદ કરેલ છે. તેમજ સદરહુ તમોને વેચાણ આપેલ મીલકત અંગેના અમો બીજાપક્ષના યાને વેચાણ આપનાર પાસે જે કાંઇ દસ્તાવેજી પુરાવાઓ, પેપર્સો વિગેરે હતા તે આજરોજ તમો પહેલા પક્ષના યાને ખરીદનારને સુપ્રત કરીએ છીએ, અને ભવિષ્યમાં વધુ પેપર્સો નીકળી આવે તો તે તમામ વિના અવેજે, વિના વિલંબે તમો પહેલા પક્ષનાને સુપ્રત કરવાના રહેશે સહી.

સદરહુ તમોને વેચાણ આપેલ મીલકત અંગેના વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવા કે સ્ટેમ્પ ખર્ચ, વકીલ ફી, રજી. ફી, ટાઇપીંગ ખર્ચ વિગેરે તમો પહેલાપક્ષના યાને વેચાણ રાખનારે ભોગવેલ છે. તેમજ ભવિષ્યમાં કે ગમે ત્યારે સ્ટેમ્પ ડયુટી

દસ્તાવેજનો પ્રકાર : વેચાણ
ગામ : માંકણા
બ્લોક નં : ૧૫૪/અ
પ્લોટ નં :
ક્ષે : ............ચો.મી.



વેલ્યુએશન એકટ મુજબ જો કોઇ વધારાની સ્ટેમ્પ ડયુટી ભરવાની આવે તો તે તમો પહેલા પક્ષના યાને વેચાણ રાખનારે ભરપાઇ કરવાની રહેશે સહી.

**-:: શીડયુલ ::-**

**વેચાણ આપેલ મીલકતની વિગત અને વર્ણન**

ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ કામરેજ નાં મોજે ગામ : **માંકણા** ના **બ્લોક નંબર : ૧૫૪/અ** જેનુ કુલ્લે ક્ષેત્રફળ : **હે. ૨-૧૬ આરે ૫૧ ચો.મી.** વાળી બિનખેતીની જમીન માં આયોજન કરવામાં આવેલ " **શિવ ધારેશ્વર રેસીડેન્સી** " નાં નામથી ઓળખાતી જમીનમાં પાડવામાં આવેલા રહેણાંકના હેતુ માટેના પ્લોટો પૈકી **પ્લોટ નંબર : .........** જેનુ માર્જીન સાથેનું સ્થળ મુજબનુ ક્ષેત્રફળ : ........... ચો.વાર જેનો **કે.જે.પી. મુજબ બ્લોક નંબર : ૧૫૪/અ/.......** જેનુ **ક્ષેત્રફળ : ........... ચો.મીટર** વાળી **ખુલ્લી જમીન.** તથા સદર જમીનના રોડ/રસ્તા સી.ઓ.પી. નાં વણ-વહેચાયેલા હિસ્સાની .......... ચો.મીટર જમીન સહીત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીત કુલ્લે દરોબસ્ત. જેની ચતુર્થસીમાં નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| પૂર્વે | : | લાગુ સોસાયટી આંતરીક રસ્તો, |
| પશ્ચિમે | : | લાગુ પ્લોટ નંબર : ......., |
| ઉત્તરે | : | લાગુ પ્લોટ નંબર : ......., |
| દક્ષિણે | : | લાગુ પ્લોટ નંબર : ......., |

દસ્તાવેજનો પ્રકાર : વેચાણ
ગામ : માંકણા
બ્લોક નં : ૧૫૪/અ
પ્લોટ નં :
ક્ષે : ............ચો.મી.



<u>મિલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ : -</u>

<u>મીલકતનુ પોસ્ટલ સરનામુઃ-</u> '' શિવ ધારેશ્વર રેસીડેન્સી '' પ્લોટ નં : ......., મુ : માંકણા, તા : કામરેજ, જી : સુરત

<u>મિલકત ખરીદનારની સહી :-</u> ..........................................

દસ્તાવેજનો પ્રકાર : વેચાણ
ગામ : માંકણા
બ્લોક નં : ૧૫૪/અ
પ્લોટ નં :
ક્ષે : ............ચો.મી.



<u>મિલકત વેચાણ આપનારની સહી :-</u> ..........................................

એણી વિગતનો આ દસ્તાવેજ અમો બીજાપક્ષનાએ આજરોજ અમારી સંપુર્ણ રાજીખુશીથી તથા અકકલ-હોશિયારીમાં, કોઈના કોઈપણ જાતના દાબ-દબાણ કે ધાક-ધમકી વિના, તન-મનની સંપુર્ણ સાવધ અવસ્થામાં વાંચી-વંચાવી, સાંભળી-વિચારી, સમજીને કરેલ છે. જે અમો બીજાપક્ષનાને તથા હમારા વંશવાલી વારસોને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

અત્રે.....................................મતુ તત્રે...........................................શાખ

................................................ ...........................................
ભકતી બિલ્ડકોર્પ ભાગીદારી પેઢીના વહીવટ કર્તા
ભાગીદાર શ્રી હરેશભાઇ અરજણભાઇ ગોંડલીયા,

.............................................

દસ્તાવેજનો પ્રકાર : વેચાણ
ગામ : માંકણા
બ્લોક નં : ૧૫૪/અ
પ્લોટ નં :
ક્ષે : ............ચો.મી.



<u>પહેલાપક્ષના યાને ખરીદનારનું નામ/નામો::-</u> <u>ફોટો</u> <u>અંગુઠો</u>

...............................................

<u>બીજાપક્ષના યાને વેચનારનું નામ/નામો::-</u>

......................................................
ભકતી બિલ્ડકોર્પ ભાગીદારી પેઢીના વહીવટ કર્તા
ભાગીદાર શ્રી હરેશભાઇ અરજણભાઇ ગોંડલીયા,